## વ્યંધીકરણના ઑપરેશન માટે ખાસ પ્રાસંગિક રજા મંજૂર કરવા અંગે

સ.ઠ.ક્ર. એલવીઈ-1082-3370-5, તા. 21-7-'82

વ્યંધીકરણ ઑપરેશન કરાવનાર રાજ્ય સરકારના કર્મચારીઓને ખાસ પ્રાસંગિક રજા (સ્પેશિયલ કેજ્યુઅલ લીવ) મંજૂર કરવા સંબંધે કેટલાક હુકમો અમલમાં છે. આ બાબતમાં વધારે પ્રોત્સાહન મળે તે માટે હાલની જોગવાઈઓને વધારે ઉદાર બનાવવાનો પ્રશ્ન વિચારણા હેઠળ હતો અને આ વિષયના હાલના તમામ હુકમો રદ કરીને એવું નક્કી કરાયું છે કે (ઔદ્યોગિક અને બિન-ઔદ્યોગિક બંને પ્રકારના) રાજ્ય સરકારના કર્મચારીઓને નીચેના ફકરાઓમાં દર્શાવેલ જોગવાઈ અનુસાર કુટુંબકલ્યાણકાર્યક્રમના હેતુસર ખાસ પ્રાસંગિક રજા મંજૂર કરી શકાશે :

2. પુરુષ-સરકારી કર્મચારી જો કુટુંબકલ્યાણકાર્યક્રમને અનુલક્ષીને વેસેક્ટોમી ઑપરેશન કરાવે તો તેને કામકાજના છ દિવસથી વધે નહિ તે રીતે ખાસ પ્રાસંગિક રજા મંજૂર કરી શકાશે. પ્રથમ ઑપરેશન નિષ્ફળ જવાથી બીજું ઑપરેશન કરવામાં આવેલું એ મતલબનું પ્રમાણપત્ર રજૂ કરેથી, ફરીથી છ દિવસથી વધે નહિ તે રીતે ખાસ પ્રાસંગિક રજા મંજૂર કરી શકાશે. પ્રથમ વખત વેસેકટોમી ઑપરેશન કરાવેલ હોય તેવા પુરુષ-સરકારી કર્મચારીને ખાસ પ્રાસંગિક રજાની ગણતરી ફક્ત કામકાજના દિવસના સંદર્ભમાં કરવી. ખાસ પ્રાસંગિક રજાના મુદતમાં આવી જતા રવિવાર અને જાહેર રજાના દિવસ પણ ખાસ પ્રાસંગિક રજાની ગણતરીના હેતુસર ધ્યાનમાં લેવાના રહેશે નહિ.

3. (ક) સ્ત્રી-સરકારી કર્મચારી જો પ્રસૂતિની સાથે કે પ્રસૂતિ વગર ટ્યૂબેકટોમી ઑપરેશન કરાવે તો 14 દિવસથી વધે નહિ તેવી રીતે રજા મંજૂર કરી શકાશે. પ્રથમ ઑપરેશન નિષ્ફળ જવાથી 14 દિવસથી વધે નહિ તેવી રીતે ખાસ પ્રાસંગિક રજા ઠરાવેલ સંબંધિત તબીબીઅધિકારીનું 'પ્રથમ ઑપરેશન નિષ્ફળ જવાથી બીજું ઑપરેશન કરવામાં આવેલું' એ મતલબનું પુનઃ પ્રમાણપત્ર રજૂ કરેથી મંજૂર કરી શકાશે.

(ખ) જેમણે આંતર ગર્ભાશય ગર્ભનિરોધક પ્રક્રિયા અપનાવેલ હોય / પુનઃ અપનાવેલ હોય તેવી સ્ત્રી-કર્મચારીઓની આવી પ્રક્રિયા (આઈ.યુ.ડી.) અપનાવેલ હોય / પુનઃ અપનાવેલ હોય તે દિવસે ખાસ પ્રાસંગિક રજા મંજૂર કરી શકાશે.

4. (ક) જે પુરુષ-સરકારી કર્મચારીની પત્નીએ (કુટુંબકલ્યાણકાર્યક્રમ અનુલક્ષીને) પ્રસૂતિ સાથે કે પ્રસૂતિ વગર પ્રથમ ટ્યૂબેકટોમી ઑપરેશન કરાવેલ હોય તો અથવા પ્રથમ ઑપરેશન નિષ્ફળ જવાથી બીજી વખત તેમની પત્નીએ પ્રથમ ઑપરેશન નિષ્ફળ જવાથી બીજું ઑપરેશન કરાવેલ છે તે મતલબનું તબીબી-પ્રમાણપત્ર રજૂ કરવામાં આવે તે શરતને આધીન, તેઓને 7 દિવસની ખાસ પ્રાસંગિક રજા મંજૂર કરી શકાશે. સરકારી કર્મચારીને પત્નીના સ્વાસ્થ્ય-સુધારા દરમ્યાન તેમની દેખરેખ રાખવા સરકારી કર્મચારીની હાજરીની જરૂર હતી તેવો પ્રમાણપત્રમાં ઉલ્લેખ કરવો જરૂરી બનશે નહિ.

(ખ) જે પુરુષ- સરકારી કર્મચારીઓની પત્નીઓએ (એમ. ટી.પી.) તબીબી ગર્ભસમાપ્તિ પછી સેલ્પિજેકટોમિ/ ટ્યૂબેકટોબી ઑપરેશન કરાવે તો તેમની પત્નીઓએ તબીબી ગર્ભસમાપ્તિ પછી સેલ્પિજેક્ટોમી / ટયૂબેકટોમી ઑપરેશન કરાવેલ છે તેવી મતલબનું પ્રમાણપત્ર રજૂ કરેથી છ દિવસ સુધીની ખાસ પ્રાસંગિક રજા મંજૂર કરી શકાશે. સરકારી કર્મચારીઓની હાજરી જરૂરી હતી, તેવો પ્રમાણપત્રમાં ઉલ્લેખ કરવો જરૂરી બનશે નહિ.

5. જે સરકારી કર્મચારીઓને ઑપરેશનની પછીની મુશ્કેલીઓને કારણે, નસબંધી ઑપરેશન કરાવવા માટે નિયમ મુદતથી વધુ ખાસ પ્રાસંગિક રજાની જરૂરિયાત હોય તેમને/તેણીને તેટલા સમયની ખાસ પ્રાસંગિક રજા તેમને/તેણીને ઑપરેશન પછી મુશ્કેલીઓને કારણે હૉસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હોય તેટલી મુદત માટે સંબંધિત હૉસ્પિટલોના સત્તાધિકારી/અધિકૃત તબીબી એટેન્ડન્ટના તબીબી પ્રમાણપત્રને આધીન ખાસ પ્રાસંગિક રજાઓ મંજૂર કરી શકાશે. વધુમાં વેસેકટોમી/ટ્યૂબેકટોમી ઑપરેશન પછીની મુશ્કેલીઓને કારણ કે જ્યાં હૉસ્પિટલોમાં રહેવું પડેલ ન હોય ત્યાં અનુક્રમે 7/14 દિવસ માટે,

સંબંધિત હૉસ્પિટલના સત્તાવાળા / અધિકૃત તબીબીઅધિકારી પાસેથી રજૂ કરવામાં આવેલ પ્રમાણપત્ર રજૂ કરેથી, ખાસ પ્રાસંગિક રજા મંજૂર કરી શકાશે..

6. સરકારી કર્મચારીઓએ કે જેઓને નસને ફરીથી જોડવા માટે ઑપરેશન કરાવેલ હોય તેઓને 21 દિવસની મુદ્દત સુધી અથવા તો હૉસ્પિટલમાં ખરેખર રહેવું પડેલ હોય તે સમય સુધી, જે ઓછી મુદત હોય તે માટે, અધિકૃત તબીબીઅધિકારીના પ્રમાણપત્રના આધારે, ખાસ પ્રાસંગિક રજા મંજૂર કરી શકાશે. વધુમાં આ ઑપરેશન કરાવવા માટે જવા તેમ જ આવવા માટે કરવામાં આવેલ પ્રવાસની ખરેખર મુદ્દત માટે પ્રાસંગિક રજા મંજૂર કરી શકાશે. નસને ફરીથી જોડવા માટેના ઑપરેશન (જેમાં તબીબી ખર્ચના વળતર માટે કોઈ કબૂલાત અપાયેલ ન હોય ) માટે આ ખાસ પ્રાસંગિક રજા, નીચેની શરતોને આધીન રહેશે :

(1) નસને ફરીથી જોડવાની સગવડ ઉપલબ્ધ હોય તેવી હૉસ્પિટલ/તબીબી કૉલેજ/સંસ્થામાં ઑપરેશન કરાવવામાં આવેલ હોય તે આવી હૉસ્પિટલમાં થયેલું હોવું જોઈએ કે રાજય સરકાર / સંઘ સરકારના વહીવટી ક્ષેત્રાધિકાર દ્વારા નસને ફરીથી જોડવા માટે થયેલ હોય.

(2) ખાસ પ્રાસંગિક રજા માટેની વિનંતી સાથે ઑપરેશન કરનાર તબીબીઅધિકારીનું એ મતલબનું તબીબી-પ્રમાણપત્ર હોવું જોઈએ કે જે પ્રમાણપત્રમાં દર્શાવેલ સમય માટે સરકારી કર્મચારીના ઑપરેશન પછીના સ્વાસ્થ્યમાં સુધાર માટે હૉસ્પિટલમાં રહેવું જરૂરી હતું.

પેરા 6 માં ઉપર દર્શાવેલ છૂટછાટ એવા સરકારી કર્મચારીઓને મળી શકશે કે જે –

(1) અપરિણીત હોય અથવા

(2) જેમને બે કરતાં ઓછાં બાળકો હોય,

(3) કે પછી જે વાસ્તવિક કારણો, જેવાં કે અગાઉ કરવામાં આવેલ વેસેકટોમી/ ટયૂબબેક્ટોમી ઑપરેશન પછી વ્યક્તિએ બધાં જ પુરુષ-બાળકો અથવા તો સ્ત્રી-બાળકો ગુમાવ્યાં હોય, તેને કારણે નસને ફરીથી જોડવા માંગતા હોય.

7. કુટુંબકલ્યાણકાર્યક્રમને અનુલક્ષીને નસબંધી/નસને ફરીથી જોડવાના ઑપરેશન સંબંધિત ખાસ પ્રાસંગિક રજા નિયમિત અને પ્રાસંગિક રજા બન્નેની આગળ જોડી શકાશે નહિ. ખાસ પ્રાસંગિક રજા ક્યાં તો નિયમિત રજાની આગળ અથવા તો પ્રાસંગિક રજાની આગળ જોડી શકાશે નહિ. પરંતુ બન્નેની આગળ જોડી શકાશે નહિ. તે જ રીતે પ્રાસંગિક રજા ક્યાં તો નિયમિત રજા અથવા તો પ્રાસંગિક રજાની પાછળ જોડી શકાશે, પરંતુ બન્નેની પાછળ જોડી શકાશે નહિ. વચ્ચે આવતી જાહેર રજા અથવા રવિવારને યથાપ્રસંગે નિયમિત રજાની આગળ/પાછળ જોડી શકાશે .